# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે "૩૨મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિ"ની બેઠક યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે તા.૨૯/૧૨/૨૦૨૩ ને શુક્રવારના રોજ માન. કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયા સાહેબનાં અધ્યક્ષ પદે ૩૨ મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠકનું આયોજન ગુગલમીટના માધ્યમથી કરવામાં આવેલ હતું. સદર બેઠકમાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. એચ. બી. પટેલ તેમજ ખાસ આમંત્રિત સભ્ય સ્થાને સંશોધન નિયામક અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી, ડૉ. એમ. કે. ઝાલા તેમજ અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકની શરૂઆતમાં કેન્દ્રના ઇનચાર્જ વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. વાય. સી. લકુમ દ્વારા ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ. ત્યાર બાદ ૩૨ મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠકની કાર્યવાહી નોંધનો અહેવાલ મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યો જે સમિતિ દ્વારા જરૂરી સુચનો સાથે મંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ ડો.વાય.સી. લકુમ દ્વારા વર્ષ ૨૦૨૩ નો પ્રગતિ અહેવાલ તેમજ વર્ષ ૨૦૨૪ નો એક્શન પ્લાન મંજુરી અર્થે રજુ કરવામાં આવ્યો હતો.

સદર બેઠકમાં માન. કુલપતિશ્રી દ્વારા મૂલ્યવાન સૂચનો કરવામાં આવ્યા હતા. માન. કુલપતીશ્રી ડો. કે. બી. કથીરીયા સાહેબ દ્વારા કેવિકેના સ્ટાફને વિશિષ્ટ કામગીરી કરવા બાબતે અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા. વધુમાં તેઓએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે બાબતે આપેલા અગત્યના સુચનોનો અમલ કરવા જણાવ્યુ. સદર બેઠકના અંતે કેન્દ્રના ફિશરીઝ વૈજ્ઞાનિક શ્રી જે. એચ. ભટ્ટ દ્વારા ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કર્યા બાદ બેઠકનું સમાપન કરવામાં આવ્યુ.

## કાર્યક્રમની ઝાંખીઓ




